અમુરી લોકુલા ચાર દિવસ સેલવાસ અને દમણમાં રોકાયા હતા

ગુજરાતમાં ઈબોલાનો શંકાસ્પદ કેસ મળ્યો

કોંગોથી આવેલી વ્યક્તિને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો

દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી : પ્રફુલ્લ પાનશેરિયા

ગાંધીનગર : ગુજરાતમાં ઈબોલા જેવા ચેપજન્ય રોગનો શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. કોંગોથી ભારત આવેલા 37 વર્ષીય અમુરી લોકુલા નામના વ્યક્તિને તાવ અને બીમારીની ફરિયાદ બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જોકે પ્રાથમિક લેબોરેટરી તપાસમાં ઈબોલા પોઝિટિવ આવ્યો નથી.

અમુરી લોકુલા અંદાજે 10 દિવસ પહેલાં કોંગોથી મુંબઈ આવ્યા હતા. મુંબઈમાં પાંચ દિવસ રોકાયા બાદ તેઓ સિલ્વાસા અને દમણ વિસ્તારમાં લગભગ ચાર દિવસ રહ્યા હતા. ત્યારબાદ 22 મેના રોજ વડોદરા પહોંચ્યા હતા. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ દર્દીને છેલ્લા છ દિવસથી તાવ અને અન્ય લક્ષણો જોવા મળતા 26 મેના રોજ વડોદરાની બેન્કર્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં વાયનલ હેમોરેજિક ફીવર જેવા ચેપજન્ય રોગની શંકાને પગલે તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં તેમને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. દર્દીના સંપર્કમાં આવેલા ત્રણ લોકોને અમદાવાદની SVP હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે અન્ય 11 વ્યક્તિઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા સંપર્ક ટ્રેસિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને વડોદરા મહાનગરપાલિકા (VMC) સાથે સંકલન કરીને દેખરેખ વધારવામાં આવી છે.પ્રાથમિક માહિતી મુજબ ડૉ. સુનિલ મુસાના સહિતના કેટલાક વ્યાવસાયિક સંપર્કોમાં પણ તાવના લક્ષણોની માહિતી સામે આવી છે. ઉપરાંત પેટ્રિક કાજા અને વેલેન્ટિન ઝોડલ નામના અન્ય સંપર્કોની પણ તપાસ ચાલી રહી છે. આ ત્રણને એસવીપી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે.

આરોગ્ય તંત્રના જણાવ્યા અનુસાર દર્દીની તાજેતરની આંતરરાષ્ટ્રીય મુસાફરી, સતત તાવ, લિવર એન્ઝાઈમ્સમાં વધારો અને સંપર્ક સર્વેલન્સની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કેસને શંકાસ્પદ આયાતી ચેપજન્ય રોગ તરીકે હેન્ડલ કરવામાં આવી રહ્યો છે.અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે હાલ સુધી ઈબોલા પોઝિટિવની પુષ્ટિ થઈ નથી, તેમ છતાં તમામ જરૂરી સાવચેતી અને મોનીટરિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે અમુરી લોકુલા બિઝનેશ કામે ગુજરાત આવ્યા હતા. હાલમાં તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. તેમની સાથે ત્રણને અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં આઈસેલેટ કરીને સારવાર ચાલી રહી છે. આ કેસમાં ઈબોલા વાયરસની પુષ્ટિ થઈ નથી, અલબત્ત, રાજ્ય સરકાર દ્વારા અગમચેતીના કારણોસર તબીબોની ટીમ કામગીરી કરી રહી છે, તેમના બ્લડ સેમ્પલ પૂણે મોકલવામાં આવ્યો છે. કોઈ ગભરાવવાની જરૂરત નથી,ગુજરાતમાં ઈબોલાનો એક પણ કેસ નોંધાયો નથી.

નર્સિંગ અને પેરામેડિકલ કોર્સની પ્રવેશ પ્રક્રિયાનો કાલથી પ્રારંભ

રાજ્યમાં ૧૧૬૫ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓની ૫૬૭૫૪ બેઠક છે

૨૯મી મેથી રજિસ્ટ્રેશન અને પ્રમાણપત્ર અપલોડ કરવા કાર્યવાહી શરૂ થશે અને ૧૨મી જૂન સુધી ચાલશે

આ કોર્સિસમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે

BSC નર્સિંગ, B. ફિઝીયોથેરાપી, GNM, ANM, B.ઓપ્ટોમેટ્રી, B.ઓક્યુપેશનલ થેરાપી, B. ઓથોટીક્સ, B પ્રોસ્થેટીક્સ, BASLP તેમજ B.નેચરોપથી

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે મેડિકલના વિવિધ સ્નાતક કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા ૨૯ મેથી પ્રારંભ થશે. ઓનલાઈન પીન ખરીદી ૨૯મી મે ૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાક થી ૧૨મી જૂન ૨૬ બપોરે ૧૨:૦૦ કલાક સુધી જ્યારે રજીસ્ટ્રેશન અને પ્રમાણપત્રો અપલોડ સાંજે ૦૪:૦૦ કલાક સુધી કરી શકાશે.

રાજ્યની ૧૧૬૫ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓની ૫૬૭૫૪ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. પ્રવેશ સમિતિ (GPNAMEC) દ્વારા મળતી માહિતી

આ પ્રવેશ પ્રક્રિયામાં રાજ્યમાં આવેલી સ્કૂલોમાંથી ગુજરાત બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ (CBSE), કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બોર્ડ (ICSE), કેમ્બ્રિજ ઇન્ટરનેશનલ બોર્ડ અને નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અથવા અગાઉના વર્ષોમાં ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ કે વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ઉત્તીર્ણ કરનાર ઉમેદવારો અરજી કરી શકશે. તમામ ઉમેદવારોએ આરોગ્ય વિભાગ, તેમજ જે-તે કાઉન્સિલના નિયમો મુજબ લાયકાત ધરાવતા હોવા જરૂરી છે.

મેડિકલના વિવિધ સ્નાતક કોર્સમાં પ્રવેશ ઓનલાઈન પીન ખરીદી ૨૯મી મે ૨૬ સવારે ૧૧:૦૦ કલાક થી ૧૨મી જૂન ૨૬ બપોરે ૧૨:૦૦ કલાક સુધી, ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પ્રમાણપત્રો અપલોડ સાંજે ૦૪:૦૦ કલાક સુધી કરી શકાશે, જ્યારે હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી ૩૦મી મે ૨૬ સવારે ૧૦:૦૦ કલાક થી ૧૩મી જૂન ૨૬ બપોરે ૧૨:૦૦ કલાક સુધી કરાવી શકાશે

ઉમેદવારે પ્રવેશ સમિતિની સત્તાવાર વેબસાઇટ www. medadmgujarat.org પર જઈને પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. ત્યારબાદ રૂ. ૧૦૦૦/- (નોન-રિફંડેબલ)ની ઓનલાઈન ચુકવણી કર્યા પછી ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર USER ID અને PIN મોકલવામાં આવશે. અરજી કરનાર તમામ ઉમેદવારોએ વેબસાઈટ પર લોગ-ઇન કરી રજીસ્ટ્રેશનની 'પાર્ટ-૧' ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને 'પાર્ટ-૨' માટે સંબંધિત જરૂરી પ્રમાણપત્રો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે, ત્યાર બાદ જ રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયેલી ગણાશે.

લોકરક્ષકની લેખિત પરીક્ષા માટે ૬ જૂનથી કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર : ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા માટે આગામી ૦૬ જૂન ૨૦૨૬ થી સત્તાવાર ભરતી પોર્ટલ ojas. gujarat.gov.in ઉપરથી કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે લોકરક્ષક કેડરની શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી ૧૪ જૂન ૨૦૨૬ ના રોજ યોજવામાં આવશે. આ લેખિત પરીક્ષામાં બેસવા માટે ઉમેદવારોએ પોતાના કોલ લેટર (પ્રવેશ પત્ર) ડાઉનલોડ કરવાના રહેશે. ઉમેદવારો આગામી ૦૬ જૂન ૨૦૨૬ થી રાજ્ય સરકારના સત્તાવાર ભરતી પોર્ટલ https:// ojas.gujarat.gov.in ઉપર જઈને પોતાના કોલ લેટર ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે.

ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને સમયસર કોલ લેટર ડાઉનલોડ કરી લેવા અને તેમાં આપેલી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. પરીક્ષાના કેન્દ્ર અને સમય અંગેની વિગતવાર માહિતી ઉમેદવારોના કોલ લેટર પર જોવા મળશે.

ડોનાલ્ડ ટ્રમ્પ પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ માટે અબ્રાહમ એકોર્ડનો પરાણે અમલ કરાવવા ચાહે છે

ટ્રુથ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

અમેરિકા-ઈરાન વચ્ચેના શાંતિકરાર પર હસ્તાક્ષર થવાની નજીક છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પોસ્ટ દ્વારા હંગામો મચાવ્યો છે. રવિવારે ડોનાલ્ડ ટ્રમ્પે અબ્રાહમ કરારનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ઈરાન આ કરારમાં જોડાઈ શકે છે, જેનો હેતુ આરબ દેશો અને ઇઝરાયલ વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો છે. ઈરાને હજુ સુધી અમેરિકી રાષ્ટ્રપતિની આ ટિપ્પણીઓનો જવાબ આપ્યો નથી, પરંતુ જો ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન સાચું સાબિત થાય તો વિશ્વ પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં એક નવો ચમત્કાર જોઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે એક ઉચ્ચસ્તરીય કોન્ફરન્સ કોલ દરમિયાન ઘણા આરબ અને મુસ્લિમ દેશોના નેતાઓને કહ્યું કે તેઓ ઇચ્છે છે કે વધુ દેશો ઇઝરાયલને માન્યતા આપે અને અબ્રાહમ કરારમાં જોડાય. આ ફોન કોલમાં સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઇજિપ્ત, જોર્ડન અને બહેરીનના નેતાઓ સામેલ હતા. અબ્રાહમ કરાર એ ઇઝરાયલ અને આરબ દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોને સામાન્ય બનાવવાના હેતુથી કરવામાં આવેલા કરારોનો સમૂહ છે.

આ કરારની જાહેરાત ૨૦૨૦ માં ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ તરીકેના પ્રથમ કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી. ૨૦૨૪માં જોર્ડન પછી સંયુક્ત આરબ અમીરાત (UAE) અને બહેરીન અબ્રાહમ કરાર પર હસ્તાક્ષર કરનારા અને ઇઝરાયલને એક રાજ્ય તરીકે માન્યતા આપનારા પ્રથમ આરબ દેશો હતા. મોરોક્કો અને સુદાન પાછળથી આ કરારમાં જોડાયા હતા. ઈરાન પહેલાંથી જ ઇઝરાયલ અને આરબ દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો વિરોધ કરી રહ્યું છે. ઈરાન અમેરિકા દ્વારા મધ્યસ્થી કરાયેલા આ કરારોને પેલેસ્ટિનિયન હેતુ સાથે વિશ્વાસઘાત તરીકે જુએ છે. ૨૦૨૫ માં ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનનો જવાબ આપતાં કહ્યું હતું કે ઈરાન ક્યારેય એવા શાસનને માન્યતા આપશે નહીં જેણે નરસંહાર કર્યો છે. જો હવે ઈરાન અબ્રાહમ કરારમાં જોડાય તો તે ટ્રમ્પની મોટી ઉપલબ્ધિ હશે.વૈશ્વિક રાજકીય મંચ પર ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું રાજદ્વારી પગલું ભર્યું છે, જેણે પાકિસ્તાનને પણ ખૂબ જ મુશ્કેલ સંકટમાં મૂકી દીધું છે. ટ્રમ્પ વહીવટીતંત્ર પાકિસ્તાન પર ઐતિહાસિક અબ્રાહમ કરારમાં જોડાવા અને ઇઝરાયલને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે સંપૂર્ણપણે માન્યતા આપવા માટે સતત દબાણ કરી રહ્યું છે. અમેરિકા માને છે કે ઈરાન સાથે ભવિષ્યમાં કોઈ પણ સ્થાયી શાંતિ કરાર માટે આ જોડાણમાં પાકિસ્તાનની ભાગીદારી જરૂરી છે. આ રાજદ્વારી ભુલભુલામણીએ પાકિસ્તાન માટે મુશ્કેલ પરિસ્થિતિ ઊભી કરી છે, કારણ કે આ કરાર પર હસ્તાક્ષર કરવા માટે તેને તેના દેશના ખૂબ જ જૂના અને કઠોર નિયમને બદલવાની જરૂર પડશે, જેને દરેક નાગરિક ખૂબ જ નફરત કરે છે.ઈરાન સાથે ચાલી રહેલા વિવાદો વચ્ચે પાકિસ્તાનને ઘેરવા માટે અમેરિકી રાષ્ટ્રપતિએ અબ્રાહમ કરારનો ઉપયોગ કર્યો છે. અમેરિકા ઈઝરાયલ સાથેના દાયકાઓ જૂના વિવાદને દફનાવી દેવા અને તેને સત્તાવાર રીતે એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપવા માટે ઈસ્લામાબાદ પર તીવ્ર દબાણ લાવી રહ્યું છે. અમેરિકી વહીવટીતંત્રે સ્પષ્ટપણે કહ્યું છે કે આ રાજદ્વારી કરારના છત્ર હેઠળ પાકિસ્તાનનો સમાવેશ મધ્ય પૂર્વમાં કાયમી શાંતિ સ્થાપિત કરવા માટે જરૂરી છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ એક જ પગલાએ પાકિસ્તાની શાસકોને એક એવા વળાંક પર મૂકી દીધા છે, જ્યાં જો તેઓ તેનું પાલન કરશે તો તેમને પોતાના દેશમાં વ્યાપક બળવાનો અને ગુસ્સાનો સામનો કરવો પડશે, જ્યારે તેના ઇનકારથી સીધી અમેરિકન નારાજગી પેદા થશે.

જો પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય દબાણ સામે ઝૂકી જાય અને અબ્રાહમ કરારો સાથે સંમત થાય તો તેણે પહેલાં તેના પાસપોર્ટના નિયમોને સંપૂર્ણપણે બદલવા પડશે, જે તેની ઓળખ સાથે જોડાયેલા છે. હાલમાં, પાકિસ્તાન વિશ્વનો એકમાત્ર દેશ છે, જેના સત્તાવાર પાસપોર્ટમાં સ્પષ્ટપણે લખેલું છે કે આ પાસપોર્ટ ઇઝરાયલ સિવાય વિશ્વના તમામ દેશોની મુસાફરી માટે માન્ય છે. આ રાજદ્વારી કરાર પર સહી કરીને પાકિસ્તાને તેના પાસપોર્ટમાંથી આ કડક નિયમને કાયમી ધોરણે દૂર કરવો પડશે. આ એક એવો નિર્ણય હશે જે કોઈ પણ પાકિસ્તાની સરકાર માટે દેશની અંદર અમલમાં મૂકવો સૌથી મુશ્કેલ સાબિત થશે. ઇઝરાયલને એક દેશ તરીકે માન્યતા આપ્યા પછી, પાકિસ્તાને તેના પર લાદવામાં આવેલા તમામ આર્થિક અને મુસાફરી પ્રતિબંધો તાત્કાલિક હટાવવા પડશે. પાકિસ્તાન અને ઇઝરાયલ વચ્ચે કોઈ સત્તાવાર રાજદ્વારી અથવા સાંસ્કૃતિક સંબંધો અસ્તિત્વમાં નથી. આ વૈશ્વિક કરારને અપનાવ્યા પછી બંને દેશોને એકબીજાના દેશોમાં દૂતાવાસો ખોલવાની પણ જરૂર પડશે. વધુમાં, બંને દેશો વચ્ચે સીધી હવાઈ મુસાફરીને પણ મંજૂરી આપવામાં આવશે, જે પાકિસ્તાની સરકાર માટે અકલ્પનીય પગલું માનવામાં આવે છે. અમેરિકાની શાંતિ-પહેલ અને પ્રદેશમાં વ્યાપક દબાણ છતાં પાકિસ્તાને અબ્રાહમ કરારમાં જોડાવાનો ઇનકાર કરી દીધો છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન અને સરકારે ફરી એક વાર આ અત્યંત સંવેદનશીલ મુદ્દા પર તેમના લાંબા સમયથી ચાલતા સત્તાવાર વલણનો પુનરોચ્ચાર કર્યો છે. પાકિસ્તાની નેતૃત્વે સ્પષ્ટપણે કહ્યું છે કે તેઓ જ્યાં સુધી ૧૯૬૭ની જૂની સરહદોના આધારે સ્વતંત્ર પેલેસ્ટિનિયન રાજ્ય સ્થાપિત ન થાય ત્યાં સુધી કોઈ પણ કિંમતે ઇઝરાયલને એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે સ્વીકારી શકતા નથી. પાકિસ્તાન સ્વતંત્ર પેલેસ્ટાઇનની રાજધાની તરીકે પૂર્વ જેરુસલેમની તેની લાંબા સમયથી ચાલતી માંગમાં અડગ છે. પાકિસ્તાની શાસકો દ્વારા આ કરાર સ્વીકારવાનો ઇનકાર કરવાનું સૌથી મોટું કારણ દેશમાં ધાર્મિક કટ્ટરતા છે. પાકિસ્તાનમાં સામાન્ય જનતા, ધાર્મિક સંગઠનો અને રાજકીય પક્ષો ઇઝરાયલ પ્રત્યે તીવ્ર નફરત ધરાવે છે અને પેલેસ્ટિનિયન મુદ્દા પ્રત્યે ખૂબ જ આક્રમક છે. આવી સ્થિતિમાં, જો સરકાર અમેરિકાના આર્થિક કે રાજકીય દબાણ સામે ઝૂકી જાય અને ઇઝરાયલ તરફ મિત્રતાનો હાથ લંબાવે તો તે દેશમાં હિંસક બળવો શરૂ કરી શકે છે, જેને નિયંત્રિત કરવું લશ્કર માટે પણ અશક્ય હશે. આ જ કારણ છે કે પાકિસ્તાની સરકાર આ કડવી રાજદ્વારી ગોળી ગળી જવાની હિંમત એકઠી કરી શકતી નથી.

આ કરાર પર અમેરિકાનું આક્રમક વલણ ખૂબ જ ચિંતાજનક લાગે છે, જેના કારણે ઘણાં મુસ્લિમ શાસકોની ઊંઘ ઉડાડી દેવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટપણે સંકેત આપ્યો છે કે જો આ મુસ્લિમ દેશો આ અમેરિકન શાંતિ-પહેલને ખુલ્લેઆમ સમર્થન નહીં આપે તો ભવિષ્યમાં વોશિંગ્ટન સાથેના તેમના દ્વિપક્ષીય અને રાજદ્વારી સંબંધો પર તેની ગંભીર અને નકારાત્મક અસર પડી શકે છે. અમેરિકાની આ છૂપી ચેતવણી આ દેશો માટે એક મહત્ત્વપૂર્ણ મજબૂરી બની રહી છે, જેનાથી તેઓ સરળતાથી પીછેહઠ કરી શકતા નથી. આ કરારમાં પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને ઈરાનને સામેલ કરવા એ અમેરિકાની વ્યૂહરચના માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે તેઓ પશ્ચિમ એશિયાના સૌથી શક્તિશાળી દેશો છે અને મુસ્લિમ વિશ્વના મુખ્ય નેતાઓ છે. જો આ બે દેશો ઇઝરાયલને માન્યતા આપે તો તે મધ્ય પૂર્વમાં ઘણા મોટા વિવાદોનો કાયમી ધોરણે અંત લાવી શકે છે.

અમેરિકાના દબાણ છતાં આ માર્ગમાં ઐતિહાસિક અવરોધો છે, કારણ કે ઈરાન હજુ પણ વૈચારિક રીતે ઇઝરાયલના અસ્તિત્વને નકારે છે. બીજી બાજુ, મુસ્લિમ વિશ્વના નેતા સાઉદી અરેબિયાએ સ્પષ્ટપણે કહ્યું છે કે જ્યાં સુધી પેલેસ્ટાઇનના મુદ્દાનો કાયમી ઉકેલ ન આવે અને પેલેસ્ટાઇનીઓને તેમનું પોતાનું સ્વતંત્ર રાજ્ય ન મળે ત્યાં સુધી તે ઇઝરાયલ સાથે કોઈ પણ સંબંધો જાળવી રાખશે નહીં. ગાઝામાં લશ્કરી કાર્યવાહી બાદ આ દેશોમાં લાગણી વધુ ભડકી ઊઠી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અબ્રાહમ એકોર્ડ એ ઇઝરાયલ અને આરબ દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાના હેતુથી કરવામાં આવેલા કરારોનો સમૂહ છે. આ એકોર્ડની જાહેરાત ૨૦૨૦ માં કરવામાં આવી હતી

BUSINESS મિત્ર

આજે ભારતીય શેરબજાર બંધ રહેશેઃ રોકાણકારોએ રૂ. 2.5 લાખ કરોડની કમાણી કરી

બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે સપાટ બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 27: સતત બીજા દિવસે ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટે નજીવા ઘટાડા સાથે સપાટ બંધ રહ્યા હતા. જોકે, બીજા દિવસે બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. જેના લીધે રોકાણકારોએ રૂ. અઢી લાખ કરોડની કમાણી કરી હતી. આજે ખાસ કરીને બેન્ક શેરોમાં વેચવાલી રહી હતી.

બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપ રૂ. 468.11 લાખ કરોડ પરથી વધીને રૂ. 470 લાખ કરોડ થયા છે.

ઈરાન-અમેરિકા ભૌગોલિક રાજકીય તણાવ, વિદેશી ભંડળના પ્રવાહ અને રૂપિયાનમાં નબળાઇને કારણે સતર્ક ભાવના વચ્ચે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આ ઉપરાંત, આવતીકાલે બકરી ઇદના પગલે શેરબજારોમાં જાહેર રજા હોવાના કારણે આજે બીએસઇ એકસપાયરીના કારણે બેઉતરફી ઉથલપાથલ જોવા મળી હતી. જેમાં પ્રાઇવેટ બેન્ક શેરો અને ખાસ કરીને એચડીએફસી બેન્કમાં વેચવાલી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 141.90 પોઇન્ટ એટલે કે 0.19 ટકા વધીને 75867.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76224 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75748 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 6.55 પોઇન્ટ એટલે કે 0.03 ટકા ઘટીને 23907.15 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23983 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23858 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 239.05 પોઇન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 54853.85 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જેએસડબલ્યુ ડુયલેક્સ લિ.માં 138.33 ગણા, ફિનોલેક્સ ઈન્ડ.માં 44.12 ગણા, આધાર હાઉસીંગ ફાઇ.માં 19.92 ગણા, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયામાં 13.57 ગણા અને અપાર ઈન્ડ. માં 5.13 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એઆઇએ એન્જીનીયરીંગમાં 19.58 ગણા, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયામાં 15.18 ગણા, ઉષા માર્ટીનમાં 12.63 ગણા, જેકે ટાયરમાં 10 ગણા, એકસાઇડ ઈન્ડ. માં 8.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ ચાલુ રહી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.83 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.49 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો હતો. બીએસઇ ખાતે 2287 શેરો વધ્યો હતો, જ્યારે 1930 શેરો ઘટ્યો હતો, જ્યારે 185 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાઇનાન્સીયલ સર્વિસીસ ઈન્ડેક્સ 0.69 ટકા ઘટ્યા હતા. જે સતત ટ્રેડિંગ સેશનમાં 1.20 ટકા ઘટ્યા હતા. જેમાં બીએસઇ, એચડીએફસી બેન્ક, મેક્સ ફાઇનાન્સીયલ, એચડીએફસી લાઇફ, એસબીઆઇ લાઇફ, મુથુટ ફાઇ. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ,આઇસીઆઇસીઆઇ બેન્ક, એસબીઆઇ કાર્ડસ અને પીએફસી ઘટ્યા હતા. બીજી તરફ એલઆઇસી હાઉસીંગ, જિયો ફાઇ., અને શ્રીરામ ફાઇ. સુધારો જોવાયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફયુચર્સ 242 પોઇન્ટ સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી અમેરિકન બજારો પોઝિટિવ ખુલવા સંકેત રહ્યા હતા. પ્રાદેશિક રોકાણકારોએ ઈરાન વિરૂદ્ધ નવીનતમ લશ્કરી કાર્યાવાહી અને ક્રુડના ભાવમાં ઘટાડાનું મુલ્યાંકન કર્યુ હોવાથી યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં પણ સુધારા સાથે બંધ રહ્યા હતા. જોકે, ઈરાનમાં તાજેતરની યુએસની લશ્કરી કાર્યવાહી, વોશિંગ્ટન-તેહરાન યુદ્ધવિરામની નાજુક સ્થિતિ અને આશાવાદનું રોકાણકારોએ મુલ્યાંકન કર્યુ હતું.

યુરિપયન બજારોમાં એફટીએસઇ 0.15 ટકા, કેક 0.84 ટકા અને ડેક્સ 0.17 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.52 ટકા, તાઇવાન 1.65 ટકા, કોસ્પી 2.20 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.12 ટકા અને શાંઘાઇ 1.26 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો સપાટ રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 27: કરન્સી બજારમાં આજે બઉતરી વધઘટે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 95.69ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.26 પાઉન્ડ 129.31, કેનેડિયન ડોલર 69.34, ઓસ્ટ્રેલિયન ડોલર 67.93, જાપાનીઝ યેન 0.6002 અને સીંગાપોર ડોલર 74.75ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.69 રૂ.
યુરો	111.26 રૂ.
પાઉન્ડ	129.31 રૂ.
યેન	0.6002 રૂ.

સેન્સેક્સ	-141.90	75867.80
નિફ્ટી	-6.55	23907.15
બેન્ક નિફ્ટી	-239.05	54853.85

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	4.16	1149.70
ટીએમપીવી	3.90	400.95
પાવરગ્રીડ	2.60	300.15
ઇટર્નલ	2.53	256.51
એનટીપીસી	2.17	398.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	4.68	274.05
આઇટીસી	3.22	291.95
એચડીએફસી બેન્ક	2.60	758.65
એચડીએફસી લાઇફ	1.49	609.60
વિપ્રો	1.06	201.58

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	2.56	300.15
ઇટર્નલ	2.54	256.55
એનટીપીસી	2.14	397.80
ટાટા સ્ટીલ	2.04	214.75
ઇન્ટરગ્લોબ	1.90	4568.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચડીએફસી બેન્ક	2.63	758.50
ઇન્ફોસીસ	0.71	1159.15
આઇટીસી	0.61	292.00
એચયુએલ	0.53	2197.85
રિલાયન્સ	0.51	1350.00

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૯૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૦૦૦૦
તેજાબી સોનું	૧૫૯૯૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૨૦૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૬૮૦૦
સોનાનાં બિસ્કીટ	૧૬૦૦૦૦૦
ચાંદી (૯૯૯)	૨૬૮૨૦૦
ચાંદી સિક્કા	૨૬૯૭૦૦

LIC 10 હજાર કરોડનું ભંડોળ એકત્ર કરવા 2 ટકા હિસ્સો વેચશે

સેન્ટ્રલ બેન્ક, કોલ ઇન્ડિયા અને હવે એલઆઇસીમાં સરકાર હિસ્સો વેચશે

મુંબઇ, તા. 27: એલઆઇસીના શેરમાં 3 ટકાનો ઘટાડો નોંધાયો છે. મીડિયા રિપોર્ટ અનુસાર સરકાર જુના અંત સુધીમાં અથવા જુલાઇની શરૂઆતમાં સરકારી વીમા કંપનીમાં તેના લગભગ 2 ટકા હિસ્સો સંસ્થાકીય રોકાણકારોને વેચવાની યોનજા પર કામ કરી રહી છે. બ્લુમબર્ગને મળેલી માહિતી અનુસાર ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લીક એસેટ મેનેજમેન્ટ ગોલ્ડમેન સાક્સ ગ્રુપ ઈન્ક, મોતીનલાલ ઓસવાલ ઈન્વેસ્ટમેન્ટ, બનીએનપી પારિબાસ એસએ અને આઇઆઇએફએલ કેપિટલ સર્વિસીસ લિ. સાથે મળીને કામ કરી રહ્યું છે.

એલઆઇસીનો શેર 2.8 ટકા ઘટીને રૂ. 830 પ્રિત શેર પર ટ્રેડ કરી રહ્યો હતો. આજની નીચી સપાટી રૂ. 818.85 અને દિવસની ઉંચી સપાટી રૂ. 855 છે. સુત્રોનું કેહવું છે કે, આ મામલે હજુય પણ વાટાઘાટો ચાલી રહી છે અને સોદાને લગતી વિગતો હજુય પણ બદલાઇ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મે, 2022માં સરકારે આઇપીઓ દ્વારા એલઆઇસીમાં તેનો 3.5 ટકા હિસ્સો વેચ્યો હતો. તે સમયે તે દેશની સૌથી મોટો આઇપીઓ હતો. જેમાંથી સરકારને લગભગ રૂ. 21000 કરોડ મળ્યા હતા. આઇપીઓમાં આ શેરની કિમત શેરદીઠ રૂ. 949 નક્કી કરવામાં આવી હતી.

રેલિગેર બ્રોકીંગ રિસર્ચના એસવીપી અજિત મિશ્રા કહે છે કે, એલઆઇસી તેની રૂઢિયુસ્ત અંડરરાઇટીંગ, મજબૂત મુડી સ્થિતિ અને ડિજિટલ વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાને કાણે ઉચ્ચ ગુણવત્તાની બેકીંગ ફ્રેન્ચાઇઝી છે. આ શેરમાં વધુ વધારો થવાની ધારણા છે.

દિગ્ગજ આઇટી ઇન્ફોસીસને અદાણી પાવરે પાછળ છોડ્યું

અદાણી પાવરમાં 68 ટકાનો તોફાની વધારા સાથે રૂ. 4.85 લાખ કરોડનું માર્કેટ કેપ પહોંચી ગયું

મુંબઇ, તા. 27: દેશભરમાં વિક્રમી બ્રેકિંગ ગરમીના કારણે હવે લોકોની સમસ્યાઓ તો વધી જ રહી છે, શેરબજારનું ચિત્ર પણ બદલાઇ રહ્યું છે. સળગતી ગરમી અને વીજળીની વધતી માગ વચ્ચે અદાણી જુથની કંપની અદાણી પાવરે આવું અદભુત કામ કર્યુ છે, જેણે આઇટી જાયન્ટ ઈન્ફોસીસને પાછળ છોડી દીધું છે. 2026માં અત્યાર સુધઈમાં લગભગ 68 ટકાના તોફાની વધારા પછી, અદાણી પાવરનું માર્કેટ કેપ વધીને લગભગ રૂ. 4.85 લાખ કરોડ થઇ ગયું છે. તેજ સમયે ઈન્ફોસીસની માર્કેટ કેપ લગભગ રૂ. 4.72 લાખ કરોડ હતી. આ સાથે અદાણી પાવર હવે ભારતની 11મી સૌથઈ મુલ્યવાન કંપની બની ગઇ છે. વિશ્વના 100 સૌથી ગરમ શહેરોમાંથી 97 શહેરો ભારતના છે. વધતી ગરમીને કારણે એસી, કુલર અને વીજળીનો વપરાશ જડપથી વધ્યો છે, જેનો પાવર કંપનીઓને જબરદસ્ત ફાયદો થયો છે. આ વાતાવરણમાં અદાણી પાવરના શેરમાં ભારે ખરીદી જોવા મળી હતી. કંપનીનો શેર 3 ટકા વધીને 52 વીકની ઉંચાઇએ રૂ. 252 પર પહોંચ્યો હતો. જે એક સપ્તાહમાં શેરમાં લગભગ 13 ટકાનો ઉછાળો આવ્યો છે. કંપનીએ એક વર્ષમાં 126 ટકા વળતર આપ્યું છે. જ્યારે લાંબા ગાળાની વાત કરીએ તો ત્રણ વર્ષમાં 284 ટકા અને પાંચ વર્ષમાં 1213 ટકા વધ્યો છે. બીજી તરફ, એઆઇના કારણે આઇટી સેકટર દબાણ હેઠળ જોવાયું હતું. જેના લીધે ઈન્ફોસીસમાં પણ દબાણ રહ્યું હતું. એઆઇ સ્ટાર્ટઅપ એન્થ્રોપિક પ્લગ ઈન સાથે વર્ક એજન્ટો માટે તેનું કલાઉડ લન્ચ કર્યુ હતું જે કાયદેસર વેચાણ, માર્કેટિંગ અને ડેટા વિશ્લેષણ જેવા કાર્યોને સ્વચાલિત કરી શકે છે.

અદાણી પાવરની એન્ટ્રીથી જેપી પાવરમાં 20 ટકાનો ઉછાળો જોવાયો

મુંબઇ, તા. 27: ગત સપ્તાહે જેપી એસોસીએટ્સ લિ. અને અદાણી પાવર લિ. વચ્ચે શેર વેચાણ અને ખરીદી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ, જેપી એસોસીએટ્સ લિ. જેપી પાવર વેન્ચર્સમાં તેનો 24 ટકા હિસ્સો અદાણી પાવર લિ.ને ટ્રાન્સફર કરશે. રિન્યુએબલ એનર્જી સેક્ટરની કંપની જેપી પાવર વેન્ચર્સના શેરમાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. કંપનીના શેરમાં 20 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો, જેપી પાવર રૂ. 22.95ના ઈન્ટ્રાડે હાઇ લેવલને સ્પર્શ્યો હતો. આ તેજીનું કારણ એ છે કે અદાણી પાવરે જેપી પાવરમાં 24 ટકા હિસ્સો ખરીદ્યા છે. અદાણી પાવરે આ હિસ્સો રૂ. 2993.60 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર કુલ સોદાની રકમમાંથી રૂ. 2993.60 કરોડ જેપી પાવર વેન્ચર્સ લિ.માં 25 ટકા હિસ્સેદારી માટે ચુકવવામાં આવી રહ્યા છે.